PRAMUKH SWAMI SCIENCE & H.D.PATEL ARTS COLLEGE,KADI

First/Second Internal Examination

Class : BA SEm V Subject : ગુજરાતી Max Marks : 40

Date : 19/9/2017 Paper No: 510 Time: 11-00 to 1-00

[સમીક્ષા - અપઠિત]

**પ્રશ્ન –૧ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.** **૧૪**

સ્વામી વિવેકાનંદ જયારે મદ્રાસમાં હતા, ત્યારે ક્રિશ્ચિયન કોલેજનો એક વિદ્યાર્થી પોતાના કેટલાક મિત્રો સાથે તેઓને મળવા ગયો.એ વિદ્યાર્થી એવું ઈચ્છતા હતા કે સ્વામીજીને ફસાવીને આનંદ મેળવવો. એક ઈચ્છતા હતા કે સ્વામીજીને પૂછયુ 'શ્રીમાન ઈશ્વર શું છે ? સ્વામીજી એક ક્ષણ માટે નિરુત્તર રહયાં.તેઓના ટીખળયુકત ષડયંત્રને સમજી ગયા. એકાએક તેમણે એક નવયુવકને પૂછયું, મારા બાળક, ઉર્જા શું છે. એ છોકરાએ જવાબમાં કાંઈક કહયું પરંતુ સ્વામીજીએ એના જવાબમાં ક્ષતિ બતાવી દીધી. પરિણામે છોકરો ચકિત થઈ ગયો બીજા છોકરાઓ પણ પોતાના મિત્રને સહાય કરવા લાગ્યા, અને બધાએ જવાબ આપ્યા. પરંતુ થોડાક જ સમયમાં સ્વામીજીએ પોતાના તર્ક–વિતર્કથી તે બધાને ચકિત કરી દીધા.થોડાક જ સમયમાં સ્વામીજીએ કહયુ–મારા બાળકો તમે ઊર્જા જેવા સરળ શબ્દની વ્યાખ્યા પણ આપી શકયા નથી કે જેનો પ્રતિદિન ઉપયોગ કરો છો અને તમે ઈચ્છો છો કે હું ઈશ્વરની વ્યાખ્યા કરું. આગળ તેમણે ઈશ્વર અને ઊર્જા વિશે સ્પષ્ટ વિચારો વ્યકત કર્યા. એ યુવાનો સ્વામીજીને ખિજવવા માગતા હતા પણ અંતે સ્વામીજીને ગુરુ માન્યા.

**અથવા**

લલિત નિબંધ અને હાસ્ય નિબંધ બે જુદી બાબત છે. હાસ્યપ્રધાન તથાકથિત રચના અને હાસ્યનિબંધ એ વસ્તુ પણ સાવ ભિન્ન છે. હાસ્યસભર કૃતિઓમાં આરંભથી અંત સુધી હાસ્ય જ હોય છે. લખનારનો ઉદેશ પણ હાસ્ય ઉત્પન્ન કરવાનો, સામી વ્યકિતને હસાવાનો જ રહયો હોય છે. એ નિમિત પુરુ થતા પેલી રચના પણ ભુલાઈ જાય છે. લખનાર આ પ્રકારના લેખન પાછળ, સર્જક તરીકે જે ગંભીરતા સાથે ઉપસ્થિત થવાનું હોય છે.એ પ્રકારે ગંભીર હોતો નથી.

શ્લેષથી, બે વસ્તુ વચ્ચેના વિરોધથી, સામ્યથી, શબ્દરમતથી, ટુચકાથી, અવળવાણીથી, અતિશયોકિત કે અલ્પોકિતથી, ભાવિક ઉકિતઓથી તે પોતાનું ગાડું ગબડાવતો રહે છે. લલિત નિબંધ નર્મ કે હાસ્યનો વિરોધી નથી. ચાર્લ્સ લેમ્બ જેવામાં નર્મનો ઉત્તમ પ્રયોગ થયો છે.પણ તે કથ્યના એક ભાગ રૂપે આવે છે. હાસ્યનિબંધમાં હાસ્ય અનિવાર્ય છે. એ વાટે જ બીજી વસ્તુઓ દાખલ થઈ શકે. રચનાના સમગ્ર વાતાવરણમાં તેનો પ્રતિક્ષણે અનુભવ થવો જોઈએ.લલિત નિબંધ લખનારનું વ્યકિતત્વ જ એક રીતે તો રચનાનો વિષય છે. જેમ કરુણ, રૌદ્ર, વીરરસથી જીવનનો વિચાર કે સંવેદનનો અંશ ખૂલતોખીલતો હોય એવું હોય અહીં હાસ્યરસથી બનતુ હોય. હાસ્યનિબંધમાં 'હું'હોય પણ ખરો 'હું' વિના પણ રચનાનો અસ્તિત્વ હોય શકે. લલિત નિબંધની જેમ હાસ્યનિબંધમાં પણ વિષયાન્તરની ભરપુર શકયતાઓ છે. પણ લલિત નિબંધમાં લેખક વિષયાન્તરની અંતે છેવટે પાછો 'હું' ઉપર આવીને અટકે છે.હાસ્યનિબંધમાં વિષયાન્તર આવે પણ છેવટે તો તે પણ પ્રકટ કરવા ધારેલા હાસ્યને ઘુંટવા માટે જ હોય.

(પાછળ)

પ્રશ્ન –૨ નીચેના કાવ્યનું રસદર્શન કરો. ૧૪

મારા ખેતરને શેઢેથી
લ્યા ઊડી ગઈ સારસી।
મા,
ઢોચકીમાં છાશ પાછી રેડી દે
રોટલાને બાંધી દે
આ ચલમની તમાકુમાં કસ નથી
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગની
મને મહુડીની છાંય તળે પડી રહેવા દે
ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય,
અલે એઈ,
બળદને હળે જોતરીશ નઈ
મારા ખેતરના શેઢેથી...
– રાવજી પટેલ

અથવા

અમે રે સૂકું રૂનું પૂમડું,
તમે અત્તર રંગીલા રસદાર,
તરબોળી દ્યો ને તારેતારને
વીંધો અમને વ્હાલા, આરંપાર :
આવો, રે આવો હો જીવણ, આમના !
અમે રે સૂના ઘરની જાળિયું
તમે તાતા તેજના અવતાર ;
ભેદીને ભીડેલાં ભોગળ – આગળા,
ભરો લખલખ અદીઠા અંબાર
આવો, રે આવો હો જીવણ, આમના
અમે રે ઉધઈ ખાધું ઈધણું
તમે ધગધગ ધૂણીના અંગાર,
પડેપડ પ્રજાળો વ્હાલા વેગથી,
આપો અમને અગનના શણગાર :
આવો, રે આવો હો જીવણ આમના

૩. અર્થવિસ્તાર કરો ( ગમે તે બે ) ૧૨

(૧) ' મારી આંખે કંકુના સૂરજ આથમ્યા '
(૨) ઊગે કમળ પંકમાં તદપિ દેવશિરે ચડે
નહિ કુળથી કિંતુ મૂલ મૂલવાય ગુણો વડે.
(૩) સપનાનો વાણો ને સ્નેહનો તાણો
(૪) જેવી દષ્ટિ તેવી સૃષ્ટિ